# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ ૩૯૨૫-૩ તારીખ : ૦૭ - ૦૬ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
ડાયરેક્ટર, ખેડૂત સોલ્વ એક્ષ્પ પ્રા. લિ.
"જીલ્લા સંઘ", ગુંદાળા રોડ,
મું. પો. : ગોંડલ, તા. : ગોંડલ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૩૧૧
મોબાઈલ : ૯૯૭૯૦૪૫૨૪૯

વિષય : HT વીજજોડાણ નં.૨૫૪૧૦ માં ફીડર ફેરવી આપવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૨૨-૦૪-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૬/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, ગોંડલ.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૬/ક્વા-૧/૨૨-૨૩/**૩૯૨૫-૩ **તા.**૦૭/૦૬/૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG- ૧૬/ક્વા-૧/૨૨-૨૩**

| | |
|---|---|
| અરજદાર | : ડાયરેક્ટર, ખેડૂત સોલ્વ એક્ષ્પ પ્રા. લિ. ગામ: ગોંડલ |
| પેટાવિભાગીય કચેરી | : ગોંડલ (શહેર) |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે હરીલાલ ડાયાભાઇ ઠુંમર હાજર રહેલ છે. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - ગોંડલ |
| રજૂઆત કરનાર | : શ્રી બી.સી.રાઠોડ, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ.,વિભાગીય કચેરી - ગોંડલ |

:: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | -શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય(ટેકનીકલ) | -શ્રી ડી.વી.લાખાણી |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૩૧-૦૫-૨૦૨૨ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૩૧-૦૫-૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ ગોંડલ વિભાગીય કચેરી હેઠળ ૮૫૦ KVA નું એચ.ટી. વીજજોડાણ ખેડૂત સોલ્વ એક્ષ્પ પ્રા. લિ. ના નામથી ગ્રાહક નં.૨૫૪૧૦ થી ધરાવે છે. અરજદારને RDC અર્બન ૧૧ KV ફીડરમાંથી પાવર મળે છે. સદર ફીડરમાં ગ્રામ્ય વિસ્તાર, શહેરની સોસાયટી, માર્કેટિંગ યાર્ડ વગેરે વિસ્તાર સમાવિષ્ટ છે. નવા વીજજોડાણ માટે રીપેરીંગ કામ માટે વગેરે જેવા પ્રશ્નોના લીધે સદર ફીડર અવાર-નવાર બંધ કરવામાં આવે છે. તેઓની સદર ફેક્ટરીમાં માલનું

બહોળા પ્રમાણમાં ઉત્પાદન હોય, સદર ફીડરમાં એક દિવસમાં ચાર થી પાંચ વખત પાવર બંધ થવાના લીધે અરજદારને ખુબજ નુકશાન થાય છે. અરજદાર વધુમાં જણાવે છે કે સદર RDC અર્બન ૧૧ KV ફીડરની એકદમ બાજુમાંથી જ ૧૧ KV ગુજરાત ફીડર પસાર થાય છે, જે અરજદારના પાવર સપ્લાયના પોઈન્ટથી ફક્ત ૧૦ મીટર જ દૂર છે તેમજ સદર ફીડરમાં પાવર સપ્લાયની જગ્યા પણ છે. અરજદાર વધુમાં જણાવે છે કે તેઓ દ્વારા સંલગ્ન કચેરી ખાતે ફીડર ફેરવી આપવા માટે અવાર-નવાર અરજી કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૨.૧ સદર સુનાવણી દરમ્યાન અરજદારની મૌખિક રજૂઆત મુજબ માહે જાન્યુઆરી-૨૦૨૨ થી માહે એપ્રિલ-૨૦૨૨ સુધી ૧૧ કેવી RDC ફીડર અને GUJARATI ફીડરમાં નીચે મુજબ પાવર બંધ થયેલ છે.

| માસ / ફીડર ટ્રીપીંગ | RDC ફીડરના ટ્રીપીંગની યાદી | GUJARATI ફીડરના ટ્રીપીંગની યાદી |
|---|---|---|
| માહે જાન્યુઆરી-૨૦૨૨ | 16 | 10 |
| માહે ફેબ્રુઆરી-૨૦૨૨ | 33 | 9 |
| માહે માર્ચ-૨૦૨૨ | 20 | 7 |
| માહે એપ્રિલ-૨૦૨૨ | 7 | 5 |
| કુલ | 76 | 25 |

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે ગોંડલ શહેર પેટાવિભાગીય કચેરીના વિસ્તારમાં ૧૧ કેવી આરડીસી અર્બન ફીડરમાં ખેડૂત સોલ્વ એક્ષપ પ્રા.લી. ના નામનું એચ.ટી.વીજજોડાણ ગ્રાહક નં. ૨૫૪૧૦ આવેલ છે. તેમજ તે ફિડર સાથે ડબલ સર્કીટમાં ૧૧કેવી એમઈપી ઇન્ડસ્ટ્રીયલ ફિડર આવેલ છે. તેમજ ૧૧ કેવી ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ફીડર અંદાજે ૦૫ મીટર દુર આવેલ છે આ બંને ફીડરના વીજવિક્ષેપ નીચે મુજબ છે.

| SR No | Month | 11KV RDC FDR | | | | 11KV GUJARAT FDR | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | TT | SF | ESD | TOTAL | TT | SF | ESD | TOTAL |
| 1 | Jan-22 | 10 | 0 | 6 | 16 | 8 | 2 | 0 | 10 |
| 2 | Feb-22 | 24 | 4 | 5 | 33 | 3 | 3 | 3 | 9 |
| 3 | Mar-22 | 11 | 1 | 8 | 20 | 1 | 0 | 0 | 1 |
| 4 | Apr-22 | 6 | 0 | 1 | 7 | 2 | 1 | 2 | 5 |
| TOTAL | | 51 | 5 | 20 | 76 | 14 | 6 | 5 | 25 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧૧ કેવી આરડીસી અર્બન ફીડરમાં ઘણી બધી સ્કુલ આવતી હોવાથી તેમજ માર્ચ-૨૨, એપ્રિલ-૨૨ દરમિયાન પરીક્ષા ચાલૂ હોવાથી આ ફિડરમાં મેન્ટેનન્સ કામગીરી પૂરી થયેલ ન હતી, જે મેન્ટેનન્સની કામગીરી તા.૧૫.૦૫.૨૦૨૨ ના રોજ પૂરી કરવામાં આવેલ હતી.

ઉપરોક્ત કામગીરીમાં ૮ નંગ – પોલ સીધા કરેલ, ૨૮ ગાળા વાયર સ્પાન રી-સ્ટ્રીંગીંગ કરેલ, ૪ નંગ ઘાય ટાઇટ કરેલ, ૫૪ નંગ નવા જમ્પર કરેલ, ૨૨૦ નંગ - ઝાડની ડાળી કાપેલ, ૯ નંગ વી-ક્રોસ બદલાવેલ, ૨૪ નંગ - ડિસ્ક બદલાવેલ, ૧૫ નંગ - પીન બદલાવેલ, ૧ નંગ - ડીઓ એંગલ બદલાવેલ વગેરે કામગીરી કરેલ છે.

3.1 અરજદારના સદર ફીડરમાં એપ્રિલ-૨૨ માસ દરમિયાન વીજવિક્ષેપમાં ઘણો ઘટાડો આવેલ છે જે સદર મેન્ટેનન્સ કામગીરી બાદ હજી પણ ઘણો ઘટાડો જોવા મળશે. તેમજ ચાલુ માસના અંતે જરૂરી મેન્ટેનન્સ કામગીરી પૂરી થયે એકધારો સતત પાવર મળી રહે તેવા પ્રયાસો કરવામાં આવશે.

3.2 અરજદારની તા.૧૫.૦૬.૨૦૨૧ની અરજી અનુસંધાને તેઓનું કનેક્શન ૧૧કેવી આરડીસી ફીડર માંથી ૧૧કેવી એમઈપી ફીડરમાં ચેન્જ કરવાની દરખાસ્ત પત્ર નં જીડીડી/ટેક-૨/૭૧૮૨ તા.૧૬.૦૬.૨૦૨૧ થી વર્તુળ કચેરીને મોકલવામાં આવેલ છે. જેની તાંત્રિક મંજુરી આજદિન સુધી મળેલ ન હોવાથી ફીડર ફેરવવાની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

3.3 ત્યારબાદ ફરીથી ગ્રાહક દ્વારા તેઓનું સદર કનેક્શન ૧૧કેવી આરડીસી ફીડર માંથી ૧૧ કેવી ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ફીડરમાં ચેન્જ કરવાની તા.૨૨.૦૪.૨૦૨૨ની અરજી અનુસંધાને પીજીવીસીએલની વિભાગીય કચેરી દ્વારા પત્ર નં જીડીડી/ટેક-૨/૫૯૫૯ તા.૧૯.૦૫.૨૦૨૨ થી દરખાસ્ત વર્તુળ કચેરીને મોકલવામાં આવેલ છે, જેની તાંત્રિક મંજુરી હજુ સુધી મળેલ નથી.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ખેડૂત સોલ્વ એક્ષ્પ પ્રા.લી. ના નામે ગુંદાળા રોડ ગોંડલ ખાતે ૮૫૦ કેવીએનું વીજજોડાણ ગ્રાહક નં ૨૫૪૧૦, HTP-1 ટેરીફનું ૧૧ કેવી આરડીસી અર્બન ફીડરમાં ગોંડલ વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. સદર વીજજોડાણમાં વારંવાર વીજવિક્ષેપની સમસ્યાના નિરાકરણ માટે પીજીવીસીએલની સંલગ્ન કચેરીમાં રજૂઆત કરતા કોઈ કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે. અરજદારની રજૂઆત મુજબ તેઓનું સદર વીજજોડાણ હાલ ૧૧ કેવી આરડીસી અર્બન ફીડરમાં આવેલ છે જેમાં વીજવિક્ષેપ ખુબજ વધુ આવતા હોવાથી બાજુમાં આવેલ અન્ય ફીડર ૧૧ કેવી ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ફીડરમાં ફેરવી આપવા માટે રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદાર દ્વારા કરાયેલ રજૂઆત અન્વયે પીજીવીસીએલ દ્વારા મુદ્દા નં 3.0 મુજબની વિગતે અરજદાર ૬૬ કેવી જામવાડી સબ સ્ટેશન માંથી નીકળતા ૧૧ કેવી આરડીસી અર્બન ફીડરમાં વીજજોડાણ ધરાવે છે. સદર ફીડરમાં કુલ ૧૫.૫૯ કિમી એચ.ટી. લાઈન, ૪.૮૪ કિમી એલ.ટી. લાઈન, અને ૮૭ નંગ ટ્રાન્સફોર્મર આવેલ છે, સદર ફીડરમાં ગોંડલની સીમાની નજીકમાં ગુંદાળા ગામ અને જામવાળી ગામના અમુક વિસ્તારોના વીજજોડાણો પણ આવેલ છે.

વધુમાં સદર ફીડરમાં મહતમ ૧૦૮ એમ્પીયર તા.૦૮.૦૪.૨૦૨૨ ના રોજ નોંધાયેલ છે તેમજ કેટેગરી વાઈઝ વીજજોડાણની સંખ્યા નીચે મુજબ છે.

| CONNECTION | RDC URBAN |
|---|---|
| GLP | 16 |
| LTMD | 29 |
| NRGP | 689 |
| RGPR | 170 |
| RGPU | 307 |
| WW | 2 |
| TOTAL | 1213 |
| HT CONSUMER | 4 |

૪.3 પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ૧૧ કેવી આરડીસી અર્બન ફીડરમાં તા.૧૫.૦૫.૨૦૨૨ ના રોજ વીજમરામતની કામગીરી ઉપરોક્ત મુદ્દા નં 3.0 મુજબ કરાયેલ છે જેથી સદર ફીડરમાં વીજવિક્ષેપની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે જેથી અરજદારને સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહેશે.

૪.૪ પીજીવીસીએલની ગોંડલ વિભાગીય કચેરી દ્વારા અરજદારની ફીડર બદલવાની રજૂઆત નીતિવિષયક બાબત હોય તેમજ તાંત્રિક અને સલામતીના મુદ્દાઓ જેવી તમામ બાબતોનો સમાવેશ થતો હોવાથી પીજીવીસીએલની વિભાગીય કચેરી દ્વારા તા.૧૯.૦૫.૨૦૨૨ થી ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટને દરખાસ્ત મોકલાવેલ છે તેના અનુસંધાને આગળની જરૂરી કાર્યવાહી કરી સંબંધિત અરજદારને પ્રત્યુતર પાઠવવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૫ સદર ફીડરમાં વીજસમારકામની કામગીરી કર્યા બાદ વીજવિક્ષેપની સંખ્યામાં મહદઅંશે ઘટાડો નોંધાયેલ છે તેમછતાં ગ્રાહકોને સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહે તે માટે સમગ્ર લાઈનની મોજણી કરીને તમામ કરવાપાત્ર કાર્યવાહી દિવસ-૬૦ માં પૂર્ણ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ અને ૪.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

Joshi Nitin H.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (શ્રી ડી.વી.લાખાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧